## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




નાણું બહાર લાવી દીધું તેમ અમે પહેલાં પાણી પર કાપ મૂકીશું, પછી અમને છુપાયેલાં પાણીનાં સ્ત્રોત મળી જશે...!

‘ધો.૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષા પરિસંવાદ’ને શિક્ષણમંત્રીનું સંબોધન

# પરીક્ષાઓને ગેરરીતિ મુકત બનાવવાના પ્રયાસો શિક્ષણને ગુણવત્તાયુકત બનાવે છે

### પરીક્ષાઓમાં ગેરરીતિ રોકવાના આપણા પ્રયાસોને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વધુ સંગીન અને શ્રેષ્ઠ બનાવીએ : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા.૨૨

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જયારે રાજયના ૨૨ લાખ વિદ્યાર્થીઓની પરીક્ષાઓ લેવાતી હોય, ત્યારે અનેક પડકારો છતાં પણ કોઈપણ જાતની ગેરરીતિ વિના પરીક્ષાઓ હેમખેમ પાર પડે તે કોઈ નાનીસૂની વાત નથી અને આ સિદ્ધિ બદલ સમગ્ર માધ્યમિક શિક્ષણ બોર્ડ અને પરીક્ષા પ્રક્રિયા સાથે સંકળાયેલ સૌ કોઈ અભિનંદનને પાત્ર છે, તેમ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે. આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગાંધીનગર ખાતે આયોજીત ‘ધો.૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષા પરિસંવાદ’ ને સંબોધતાં શિક્ષણ મંત્રીશ્રીએ પરીક્ષાઓને ગેરરીતિ મુકત બનાવવાના પ્રયાસોને શિક્ષણને ગુણવત્તાયુકત બનાવવાના પ્રયાસો તરીકે લેખાવતાં જણાવ્યું હતું કે, બોર્ડ અને તેના પદાધિકારીઓ અને હજારો કર્મચારીઓની આ મહેનતમાં વાસ્તવમાં સમાજનું ભલુ સમાયેલું છે ત્યારે હજીપણ પરીક્ષાઓમાં ગેરરીતિ રોકવાના આપણાં પ્રયાસોને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા વધુ સંગીન અને શ્રેષ્ઠ બનાવીએ, તો દેશના અન્ય રાજયો માટે પણ તે પ્રેરણારૂપ બનશે. ઉલ્લેખનીય છે કે, માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓમાં ગેરરીતિ રોકવા સી.સી.ટી.વી. કેમેરા અને ટેબલેટનો ઉપયોગ કરાયો હતો. તેનો ઉલ્લેખ કરીને શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, પરીક્ષાઓમાં ગેરરીતિ રોકવાના આપણાં અભિયાનને સમાજના વિવિધ વર્ગો તથા બોર્ડના કર્મચારીઓના સહયોગથી સફળ બનાવ્યું છે. પરંતુ આજે વિજ્ઞાન અને ટેકનોલોજીનો સતત વિકાસ થઈ રહયો છે ત્યારે તેનો ઉપયોગ કરી પરીક્ષાઓમાં ગેરરીતિ થાય જ નહિં તેવી જડબેસલાક વ્યવસ્થા શું આપણે ન ગોઠવી શકીએ? ગેરરીતિ રોકવાની કોઈપણ પદ્ધતિ જયારે અમલી બને ત્યારે સ્વાભાવિક રીતે તેમાં છીંડા શોધવાના નકારાત્મક પ્રયાસો થાય તે સહજ છે. પરંતુ આપણે આવી કોઈ નબળી કડીનો ભોગ ન બનીએ તેની તકેદારી આપણે સૌએ રાખવી પડશે. પરીક્ષાઓમાં ગેરરીતિ રોકવાના માધ્યમિક શિક્ષણ બોર્ડ અને સૌ કોઈના પ્રયાસોને ધકકો ન લાગવો જોઈએ. આ સમગ્ર પદ્ધતિને સફળ બનાવવાના આપણે સૌ સંવાહક છીએ, તેમ શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, આ વ્યવસ્થાને હજી પણ વધુ સંગીન બનાવીને આપણે સમાજની સેવા કરવી છે.

પ્રાથમિક શિક્ષણ રાજયમંત્રી શ્રીમતિ વિભાવરીબેનની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં બોર્ડના અધ્યક્ષ શ્રી એ.જે.શાહે પ્રાસ્તાવિક પ્રવચનમાં બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓની વહીવટી પ્રક્રિયા અને કામગીરીની વિગતો આપી હતી. આ કાર્યક્રમમાં બોર્ડના નાયબ ઉપાધ્યક્ષ શ્રી એન.સી.શાહ ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ અને બોર્ડના પદાધિકારીઓ, શિક્ષકો વગેરે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# પાણીની તંગી પડે ત્યારે જ તેનું મૂલ્ય આપણને સમજાય છે : પરેશ રાવલ



### દહેગામ તાલુકાના સામૈત્રી અને સાંપા ગામના તળાવ ઉંડુ કરવાની કામગીરીનું સાંસદ પરેશ રાવલે નિરીક્ષણ કર્યુ

ગાંધીનગર, તા. ૨૨

પાણીની સમસ્યા અંગે આપણ સૌ જાણએ છીએ.. પરંતુ પાણીની તંગી પડે ત્યારે જ તેનું મૂલ્ય સમજીએ છીએ... તેવું સામૈત્રી ગામના તળાવ ઉંડુ કરવાની કામગીરીનું નિરીક્ષણ કરવા ગયેલા સાંસદ શ્રી પરેશ રાવલે જણાવ્યું હતું.

સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત દહેગામ તાલુકાના સામૈત્રી ગામમાં તળાવ ઉંડુ કરવાનું કામ ચાલી રહ્યું છે. સાંસદ શ્રી પરેશ રાવલે દત્તક લીધેલા સામૈત્રી ગામમાં જળ અભિયાન અંતર્ગત થતી કામગીરીનું નિરીક્ષણ કરવા તા. ૨૧મી મે, ૨૦૧૮ના રોજ ગયા હતા. આ પ્રસંગે સાંસદ શ્રી પરેશ રાવલે જણાવ્યું હતું કે, મેં ગામને દત્તક લીધું છે. જેથી મને અહી આવવાથી આનંદ મળે છે. આજે ગુજરાત સરકાર દ્વારા રાજયના સ્થાપના દિનથી રાજયભરમાં ચાલું કરેલા સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સામૈત્રી ગામનું તળાવ ઉંડુ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. તે વાતનો મને આનંદ છે. મારા મતે આ જળ અભિયાન કે જળયજ્ઞ નથી, આ એક ભગીરથ કાર્ય છે. નર્મદા નદીમાં જેટલું પાણી છે, તેટલું પાણી ગુજરાતના તળાવોમાં છે. પરંતુ આ પાણી સંગ્રહ કરવાની ક્ષમતા વધારવા અને પાણીના તળ ઉંચા લાવવા માટે આ ભગીરથ કાર્ય જરૂર મદદગાર બનશે.

દેશના મોટા ભાગના વિસ્તારમાં પાણીની સમસ્યા છે, તેવું કહી સાંસદ શ્રી પરેશ રાવલે વધુમાં જણાવ્યું હતું કે, તામિલનાડું રાજયમાં તો વરસાદી પાણીનો સંગ્રહ કરવાનો કાયદો છે, તેનાથી શું ફાયદા થાય છે, તેની પણ વિસ્તૃત વાત કરી હતી. તળાવનું કામ પૂર્ણ થઈ ગયા બાદ ચોમાસાની ઋતુમાં તળાવની આસપાસ મોટી સંખ્યામાં વૃક્ષો વાવવા અને સ્વચ્છતા જાળવવા માટે ગ્રામજનોને અપીલ કરી હતી.

સાંસદ શ્રી પરેશ રાવલે સામૈત્રી ગામના તળાવની મુલાકાત બાદ સાંપા ગામના તળાવની કામગીરીનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહ, ગામના સરપંચશ્રી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# ક્રેડીટ કાર્ડ ફ્રોડનો સુત્રધાર જયુડીશીયલ કસ્ટડીમાં

### બે દિવસના રિમાન્ડ પુર્ણ થતાં પોલીસે ફર્ધર રિમાન્ડની માંગણી કરી હતી : ફર્ધર રિમાન્ડ નામંજૂર

ગાંધીનગર, તા. ૨૨

ક્રેડીટ કાર્ડ ધારકોનો ડેટા ખરીદીને તેમના કાર્ડ ક્લોનીંગ કરી લેતી ઈન્ટરનેશનલ ગેંગના સુત્રધારને ગાંધીનગર એલસીબીની સાયબર સેલે પકડી પાડ્યો હતો. કોર્ટે તેના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. રિમાન્ડ પુર્ણ થતા આજે આરોપીને કોર્ટમાં રજુ કરાયો હતો અને ફર્ધર રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે ફર્ધર રિમાન્ડ નામંજુર કરતાં આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવાયો છે.

ગાંધીનગર એલસીબીની સાયબર સેલ પીઆઈ તરલ ભટ્ટ અને પીએસઆઈ ડી.ડી. રહેવરની ટીમે કલોલના એક વેપારીના ક્રેડીટ કાર્ડ કલોનીંગ કરી થયેલી છેતરપીંડીની તપાસ શરૂ કરતા ઈન્ટરનેશનલ ગેંગના સુત્રધાર સુધી હાથ ગયો હતો. આ ગેંગ દ્વારા ચીનથી માંડીને કલોલ સુધી ચીટીંગ કરવામાં આવી હતી. કર્ણાટકમાં પણ આ ગેંગ સામે ગુનો દાખલ થયેલો છે. મુંબઈની ગેંગ સાથે અમદાવાદનો સંજય પોપટ પારેખ કામ કરતો હતો અને ચીટીંગ કરતો હતો. સંજયની ધરપકડ કરી સઘન પુછપરછ માટે સાયબર સેલે રિમાન્ડ માંગતા કોર્ટે તેના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. આજે રિમાન્ડ પુર્ણ થતા વધુ રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જો કે કોર્ટે ફર્ધર રિમાન્ડ નામંજુર કરતા આરોપી સંજયને જયુડીશીયલ કસ્ટડીમાં ધકેલી દેવામાં આવ્યો છે.

## કર્ણાટક સાયબર સેલ દ્વારા સંજયની કસ્ટડી લેવાશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સાયબર સેલે પકડેલા આ સુત્રધાર સંજયની પુછપરછમાં કર્ણાટકનો આ પ્રકારનો ગુનો ઉકેલાયો હતો. કર્ણાટક સાયબર સેલને ગાંધીનગર સાયબર સેલ દ્વારા આરોપી અંગે જાણ કરી દેવામાં આવી છે. જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી દેવાયેલા આ આરોપીને કર્ણાટક સાયબરસેલ ચાર-પાંચ દિવસમાં ગુજરાતમાંથી લેવા આવી જશે તેવી શકયતા છે.

# આજે ગાંધીનગર મનપા દ્વારા એપ્રેન્ટીસ ભરતીમેળો યોજાશે

### ધો-૮ પાસથી વધુની કોઈપણ લાયકાત ધરાવતા ઉમેદવારો તથા આઈટીઆઈ પાસ ઉમેદવારો ભાગ લઈ શકશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આયોજીત મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત અપ્રેન્ટીસશીપ ભરતી મેળો સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે.

મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના અન્વયે મહતમ ઉમેદવારો જોડાય તો માટે ગાંધીનગર શહેરમાં એવેલા જુદા જુદા એકમોમાં એપ્રેન્ટીસોની બેઠક ભરવા માટેનો મે ૨૦૧૮ ને સવારે ૯.૩૦ થી ૧ કલાક દરમિયાન બલરામ ભવન સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે. આ ભરતી મેળામાં ધોરણ-૮ પાસથી વધુની કોઈપણ લાયકાત ધરાવતા ઉમેદવારો તથા આઈટીઆઈ પાસ ઉમેદવારો ભાગ લઈ શકે છે. અપ્રેન્ટીસશીપ તાલીમમાં જોડાવવા માટે પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ અંગેની માહિતી ગાંધીનગર મહાનગર પાલિકાની વેબસાઈટ પર ઉપલબાંધ્ધ છે. ઉપરાંત કોઈપણ ઉમેદવારો કે જેઓ એપ્રેન્ટીસ તરીકે જોડવા ઈસ્છતા હોય તોઓએ નજીકની આઈટીઆઈ અથવા જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકે છે.

# ફિકસ પગારના કર્મચારીએ રાજીનામાના કિસ્સામાં નોટીસ-પે ભરવાનો રહેશે નહીં

### આવા કેસમાં ફક્ત એક માસની નોટીસ આપવાની રહેશે અને રાજીનામું મંજૂર કરી દેવામાં આવશે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત સરકારમાં કાર્યરત પાંચ વર્ષના ફિકસ પગારના ર્મચારીઓ માટે રાહતના સમાચાર છે. ગુજરાત સરકારમાં ફિકસ પગારની નિમણુકની જગ્યાએથી રાજીનામુ આપવા માંગતા કર્મચારીઓએ એક માસની નોટીસ આપવાની રહેશે. અને આ સંબંધમાં કોઈ નોટીસ-પે ભરવાનો રહેશે નહી તેવો પરિપત્ર નાણા વિભાગે તાજેતરમાં કર્યો હતો. રાજય સરકારના ખાતાઓની કચેરી ખાતે પ્રથમ પાંચ વર્ષ માટે નિયત ભરતી પ્રકિયા દ્વારા કરારના આધારે ફીકસ પગારથી નિમણુંક પામેલ વર્ગ-૩ અને ૪ સંવર્ગના કર્મચારીઓને નોકરી આપવામાં આવે છે. આ પાંચ વર્ષના સમયગાળા દરમિયાન તેઓની આ નિમણુંકની જગ્યા ઉપર સીધી ભરતીથી પસંદગી પામી જોડાવા માંગતા હોય તેવા કિસ્સાઓમાં નાણા વિભાગે પરિપત્ર તાજેતરમાં કર્યો છે.

સરકારમાં પાંચ વર્ષના ફિકસ પગારના સમયગાળાના કરાર દરમિયાન એઓની આ ફિકસ પગારની નિમણુંકની જગ્યાએથી રાજીનામુ આપવા ઈચ્છે છે અને કેન્દ્ર સરકારની અન્ય સમકક્ષ કે ઉપલી જગ્યા ઉપર સીધી ભરતીથી પસંદગી પામી સેવામાં જોડાવવા માંગતા હોય તેવા કિસ્સાઓમાં આવા કર્મચારીઓએ એક માસની નોટીસ આપવાની રહેશે. આ સંબંધમાં કોઈ નોટીસ-પે ભરવાનો રહેશે. આ કેસમાં ફકત રાજીનામું જ મંજુર કરવાનું રહેશે.

# લાંબા સમયથી ટેટની પરીક્ષા ન લેવાતાં બેરોજગારોમાં ઉગ્ર રોષ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા ૪ વર્ષથી ધોરણ-૧૧ અને ૧૨ના શિક્ષકો માટેની ટેટની પરીક્ષાની જાહેરાત ન થતા હજારોની સંખ્યામાં બીએડ અને એમએડ પાસ યુવાનો બેકાર બની રહ્યા છે અને પરીક્ષાની જાહેરાત કે ભરતી ન થતા યુવાનોનું ભાવી અંધકારમય બની ગયુ છે. ત્યારે સરકાર આ ભરતી મામલે ગંભીર બની ટેટની જાહેરાત કરી ભરતી તાત્કાલિક યોજે તેવી આ યુવાનો માંગ કરી રહ્યા છે. બેરોજગાર યુવાનોએ આ બાબતે શિક્ષણ મંત્રીને પણ રજુઆત કરી છે. ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૧૪ બાદ ધોરણ-૧૧ અને ૧૨ના શિક્ષકો માટેની ટેટની પરીક્ષા માટે કોઈપણ પ્રકારની ભરતી યોજવામાં આવી નથી. લાંબા સમયથી ટેટની ભરતી ન થતા હજારોની સંખ્યામાં બીએડ અને એમએડ પાસ ડીગ્રી ધરાવતા યુવાનો બેકાર ફરી રહ્યા છે અને દિવસે ને દિવસે આ યુવાનોનું ભાવી અંધકારમાં ધકેલાઈ રહ્યું છે. બીજી તરફ ભરતીઓ ન થતા વિદ્યાર્થી યુવાનોને ઉંમર પૂર્ણ થઈ જવાનો ડર પણ સતાવી રહ્યો છે. સરકારે ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી અગાઉ જાહેરનામુ બહાર પાડ્યુ હતુ અને માધ્યમિક શાળાના જ ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. તેમ છતા આજ દિન સુધી ઉચ્ચ માધ્યમિક ધોરણ-૧૧ અને ૧૨ના ફોર્મ ભરવામાં આવ્યા જ નથી. સરકારની આ નીતિ સામે યુવાનોએ તાત્કાલિક ધોરણે સરકાર સરકારી શાળાઓમાં ખાલી પડેલ ધોરણ-૧૧ અને ૧૨ના શિક્ષકોની ભરતીની જાહેરાત કરી ભરતી કરવાની માંગ કરી રહ્યા છે. આ ભરતી સંદર્ભે યુવાનોએ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને પણ લેખિત રજુઆત કરી છે.

# અથાણાં માટે કેરી-ગુંદાનું આગમન



અથાણાં બનાવવાની સિઝન આવી પહોંચી છે અને એ માટે કેરી, ગુંદા વગેરેનું આગમન બજારમાં ન માત્ર થઈ ગયું છે, પરંતુ આ વસ્તુઓ મોટા પ્રમાણમાં વેચાવા પણ લાગી છે. ચોમાસાનું આગમન એક સપ્તાહ પહેલાં થવાની આગાહી થતાં જ ગૃહિણીઓ વરસાદ આવે તે પહેલાં અથાણાંની કામગીરી સમેટી લેવામાં સક્રિય બની છે.

# બોરીજ ગામનાં દબાણો દૂર કરતા પહેલાં અસરગ્રસ્તોની મુશ્કેલી જોવા અપીલ

### બોરીજ ગામની ૧૬૬૧ એકર ખેતી લાયક જમીન ગાંધીનગરના નિર્માણ માટે લઈ લેવામાં આવી છે

ગાંધીનગર. તા.૨૨

ગાંધીનગર શહેરના નિર્માણ સમયે ૧૪ ગામોના નાગરીકોએ પોતાની કરોડો રૂપીયાની જમીન આપી છે. જયારે ૬ ગામ તો શહેરમાં સમાવેશ થઈ ગયા છે. ત્યારે તાજેતરમાં બોરીજ ગામની જમીનમાં ઉભા થયેલા દબાણો તંત્ર દ્વારા દુર કરાયા છે. ત્યારે તંત્ર દ્વારા પાંચદાયકા વિતી ગયા હોવા છતા ગ્રામ્યમાં સુવિધાઓ તો આપી શકયા નથી અને દુવિધાઓ ઉભી કરે છે. ત્યારે બોરીજ ગામના દબાણો તંત્ર દ્વારા દુર કરાતા પહેલા અસરગ્રસ્ત ખેડુતોની મુશ્કેલી જોવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અપીલ કરવામાં આવી છે.

પાટનગરમાં વિકાસમાં બોરીજ ગામની પણ ૧૬૬૧ એકર ખેતી લાયક જમીન ગાંધીનગરના નિર્માણ માટે લઈ લેવામાં આવી છે. ૧૨ ગામની જમીન કે જે પાટનગરમાં સામેલ કરવામાં આવી છે. તે ગામના વિકાસ, સુવિધા, તેના પ્રશ્નો, ગામતળમાં વધારો કરેલ નથી. તેમજ પાંચ દાયકા બાદ બે પેઢી ગામના નાગરીકોની તૈયાર થઈ ગઈ છે. તેના માટે પણ રહેણાંકના પ્લોટ, નોકરી, કે અન્ય વ્યવસ્થા આજદીન સુધી તંત્ર દ્વારા કરવામાં આવી નથી.ગાંધીનગર નિર્માણ પામ્યું ત્યારથી ગ્રામજનો ત્યાં વસવાટ કરે છે. ત્યારે તેને તંત્ર દ્વારા નોટીસ આપીને ગ્રામજનોને ભયભીત કરવાનું કામ સરકાર કરી રહી છે. શહેરના નિર્માણ સમયે જે નાગરીકોએ જમીન આપી છે તેને આ શહેરમાં રહેવાનો પણ અધિકાર નથી. ત્યારે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુક અરુણ બુચ, ભરત દિક્ષિત, ચંદુજી ઠાકોર, મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, સુનિલ શાહ, તંત્રને લેખિત રજુઆત કરી છે કે આગામી સમયમાં દબાણ હટાવતા પહેલા બોરીજ ગામના અસરગ્રસ્તોની મુશ્કેલી જોવા અપીલ કરી છે. બોરીજમાં આવેલ ૭૩માં આવેલ પુર સમયે નવા વસવાટો ને ધ્યાનમાં રાખીને તેનું પણ રક્ષણ કરવુ સરકારની પ્રથમ ફરજમાંથી છટકી ન શકાય તેની પણ કાળજી કરવા અપીલ કરવામાં આવી છે.

બોરીજ ગામના પરામાં રહેણાંક પ્લોટ અને માર્ગ અંગે ઉગ્ર આંદોલન, કાનુની લડતો થઈ છે તેમાં પણ ગામના રહીશોની જીત થયેલ છે.

# સિવિલના રસોડામાં કામ કરતા કર્મચારીનો આવવાનો ટાઈમ ક્યો ?

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. સિવિલમાં તાવથી માંડીને ડાયાલિસીસ સુધીની સારવાર થાય છે. ત્યારે આઠમાળની ઈમારત આવેલા વિવિધ વોર્ડ દર્દીઓથી ખીચોખીચ હોય છે. સિવિલમાં રોજ દર્દીઓને સવાર-બપોર ચા-નાસ્તો, તેમજ બપોર-સાંજે જમવાનું આપવામાં આવે છે. પરંતુ સિવિલમાં રસોઈની કામગીરી કરતા કર્મચારીનો આવન-જાવનનો ટાઈમ જાણે ફીકસ ન હોય તેમ લાગી રહ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓપીડીમાં ફરજ બજાવતા ડોક્ટર્સ પણ સવારે ૯ વાગે હાજર થઈ જાય છે. જયારે સિવિલમાં અન્ય વહીવટી કામગીરી કરતો સ્ટાફ પણ સમયસર હાજર થઈ જાય છે. ત્યારે રસોડામાં ફરજ બજાવતા કર્મચારીનો સવારનો આવવાનો ટાઈમ ૮ વાગ્યાની આસપાસનો છે પરંતુ આ કર્મચારી શાંતિથી ૧૧ વાગ્યાની આસપાસ આવે છે. ત્યારે સવારના સમયે વહેલા આવતા અન્ય કર્મચારીઓ શાક કાંપીને રાખવાથી માંડીને રોટલી માટે લોટ પણ તૈયાર કરી રાખે છે.

સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ જયારે દાળ-ભાત પણ ત્યારબાદ તૈયાર થતા દર્દીઓના જમવાનું આપવામાં પણ મોડું થઈ જાય છે. જેને પગલે દર્દીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. જયારે સવારે ચા અને નાસ્તો તો કર્મચારીએ તૈયાર કરેલા કર્મચારીઓ પહોંચાડી દે છે. જેને પગલે આ કર્મચારી કાયમી હોવા છતા શાંતિથી નોકરી આવતા હોય છે. ત્યારે નોકરીમાં સમયસર ના આવતા અને મરજી મુજબ આવતા કર્મચારીઓ ઉપર સિવિલ તંત્ર દ્વારા લગામ કસવાની જરુર છે. રસોડામા ફરજ બજાવતા કર્મચારીઓ માટે પણ હવે સિવિલ તંત્રએ બોયોમેટ્રીક મશીન મુકવાની તાતી જરુરીયાત ઉભી થવા પામી છે. જેથી સિવિલમાં ગમે તે સમયે આવતા કર્મચારી નિયમિત સમયે પોતાની ફરજ પર હાજર થઈ જાય.

# ગાંધીનગર શહેરમાં ગાર્ડન અને દવાખાનાં કાર્યરત કરવા માગ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના નિર્માણ સમયે તંત્ર દ્વારા દરેક સેકટરમાં ગાર્ડન, સરકારી દવાખાના, પોલીસ ચોકી, શોંપીગ સેન્ટર, સરકારી પ્રાથમિક શાળા સહિતની સુવિધા સેકટરના વસાહતીઓ માટે ઉભી કરવામાં આવી છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી સેકટરમાં રહેલા ગાર્ડન જાળવણીના અભાવે ઉજજડ બની જવા પામ્યા છે. તો બીજી તરફ દવાખાના પણ બંધ હાલતમાં છે. જેને પગલે બાળકોને રમવા માટે અન્ય સેકટરના ગાર્ડન અથવા નાગરીકોને દવાખાના બંધ રહેતા હોવાથી ના છુટકે ખાનગી દવાખાનામાં સારવાર કરાવવી પડે છે. ગાંધીનગર શહેરના સેકટરોમાં વસતા વસાહતીઓને સેકટર બહાર ન જવું પડે તે રીતની વ્યવસ્થા તંત્ર દ્વારા જે તે સમયે કરવામાં આવી હતી. જેમાં શાળા, આરોગ્ય, સલામતી, વેપાર-ધંધા તેમજ તમામ ચીજવસ્તુઓ સેકટરમાં મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ હતી. પરંતુ ગાંધીનગર શહેરના નિર્માણને પણ પાંચ દાયકા જેટલો સમય થતા શહેરના કેટલાક સેકટરમાં દવાખાના બંધ હાલતમાં છે તો બીજી તરફ શાળાઓ બંધ થવાના આરે ચાલી રહી છે. જયારે બાળકોના રમત ગમત માટે બગીચાની હાલત પણ દયનીય બની જવા પામી છે. જેથી બાળકોને અન્ય સેકટરના અથવા સ્વર્ણીમ પાર્કમાં આવવુ પડે છે. ત્યારે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા તંત્રને લેખિત રજુઆત કરી સેકટરમાં રહેલા ગાર્ડનનું નવીનીકરણ કરવું તેમજ દવાખાના પણ શરુ કરવા રજુઆત કરી છે. તંત્ર દ્વારા પણ આ પડતર પ્રશ્નો અંગે યોગ્ય કરવા જણાવાયું છે.